ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 18 th April, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

........................................................................, ભાવનગર.

**વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી હેતુ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા "Environmental and Climate Literacy" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયને જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરના લોકોને વિજ્ઞાનાભીમુખ કરવાના ઉમદા હેતુથી ૧૫ વર્ષથી વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

પર્યાવરણ અને પૃથ્વીની જાળવણી માટે લોક જાગૃતિ લાવવાના હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨૨ એપ્રિલ, ૨૦૧૭ને શનિવારના રોજ વિશ્વ પૃથ્વી દિવસ ની ઉજવણી નિમિતે "Environmental and Climate Literacy" **"પર્યાવરણ અને આબોહવા વિષે જાગૃતતા"** વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિએ સ્વહસ્તાક્ષરે A4 સાઈઝના કાગળમાં ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં ઉપરોક્ત વિષય પર સુવાચ્ય અક્ષરે નિબંધ લખવાનો રહેશે. આ નિબંધ સ્પર્ધામાં નિર્ણાયકશ્રીઓ દ્વારા વિષય વસ્તુ, માળખાગત વિવરણ / રજૂઆત, અક્ષર સ્વચ્છતા, વિષય સબંધિત સુવાક્યો / કવિતા વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવશે. મૂલ્યાંકન દરમ્યાન પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વ્યક્તિને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

ઉપરોક્ત વિષય પર પોતાનો નિબંધ લખીને તા. ૨૦ એપ્રિલ, ૨૦૧૭ને ગુરૂવાર સુધીમાં સવારના ૧૧:૦૦ થી સાંજના ૦૫:૦૦ દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/એ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, સંસ્કાર મંડળ, ભાવનગર (૦૨૭૮ ૨૫૭૦૧૧૧) પર રૂબરૂ જમા કરાવવાનો રહેશે. આ સોર્ધામાં ભાગ લેવા માટે ભાવનગર શહેરની પર્યાવરણ પ્રેમી જનતાને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

(હર્ષદ જોષી) 18·4·17
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.